મહત્તમ : ૩૫.૨ ડીગ્રી
લઘુતમ : ૧૬.૫ ડીગ્રી
ભેજ
સવારે ૫૩ ટકા ● સાંજે ૨૪ ટકા
ગાંધીનગર તાપમાન

બજારમાં ફેન્સી પીચકારીઓનું આગમન

મોટુ-પતલુ, બેનટેન, ડોરેમોન અને બાર્બી પીચકારીનો બાળકોમાં ક્રેઝ

ગાંધીનગર, તા.૨૬

પાવન હોળીના તહેવારને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે રંગોના આ તહેવારની ઉજવણી કરવા નાના બાળકોથી લઈ મોટા સહુ થનગની રહ્યા છે. દરેક ધર્મ, સંપ્રદાય અને જાતિના લોકો આ તહેવાર ઉલ્લાસથી મનાવે છે. વિષ્ણુ ભકતો આ દિવસે ઉપવાસ પણ રાખે છે. આ દિવસે આસુરી શકિતઓનો વિનાશ થયો હતો. તેમજ આ દિવસે રામભકત હનુમાનજીને પ્રસન્ન કરવાના ઉપાયો કરવામાં આવે છે. ભારતના અલગ અલગ ભાગોમાં તેને અલગ અલગ નામ જેવા કે હોલિકાપૂજન, હોલિકાદહન, ધૂળેટી, વસંતોત્સવ, ધુલખેલથી મનાવવામાં આવે છે.

હોળી એટલે રંગોનો તહેવાર અને તેમાં પણ લાલ, પીળો, વાદળી, લીલો, ગુલાબી સહિતના કલર સિવાય પીચકારીનું પણ વિશેષ મહત્વ હોય છે. નાના બાળકો પીચકારીમાં પાણી ભરીને વિવિધ રંગો એકબીજા પર છાંટીને રંગોના ઉત્સવની ઉજવણી કરતા નજરે પડે છે. ત્યારે બજારમાં પણ નાના બાળકો માટે અવનવી ફેન્સી પીચકારીઓનું આગમન થઈ ચુંક્યું છે. જેમાં મોટું-પતલુ, બેનટેન, બાર્બી અને ડોરેમોન પીચકારી ત્રીડી ચિત્રવાળી નવીન આવી છે. જયારે ટેન્કના પંપના સ્થાને ગનવાળી પીચકારીઓ બજારમાં આવી ગઈ છે. જે બાળકોમાં સૌથી વધુ હોટ ફેવરીટ બની છે. જયારે પીચકારીઓના ભાવ પણ આસમાનને આંબે તેટલા છે. શહેરના બજારમાં સામાન્ય પીચકારી રૂ. ૫૦ થી લઈને રૂ. ૮૦૦ સુધીની ઉપલબ્ધ છે.

હોળીના પર્વને પગલે બજારમાં ગુલાલની સાથે હર્બલ કલર પણ આવી ગયા છે. પાંચ વિવિધ કલરનું બોક્ષ માત્ર રૂ.૧૦૦ મળે છે. જયારે કલરમાં સ્પ્રે અને ટયુબ પણ આવે છે જે ચામડીને નુકશાન પહોંચાડે છે. જયારે પંપવાળી પીચકારી રૂ.૫૦ થી રૂ. ૪૦૦ સુધીમાં મળે છે તો બીજી તરફ આધુનિક ટેન્કમાં ગનવાળી પીચકારી બજારમાં નવી આવી છે જે રૂ.૫૦ થી લઈને ૮૦૦ સુધી મળે છે. પંપ વાળી પીચકારીનું વેચાણ વેપારીઓના મતે ઘટ્યું છે કારણ કે નાના બાળકો પંપની પીચકારી પસંદ કરતા નથી જયારે ગનવાળી પીચકારી બાળકો પસંદ કરે છે તેમજ ગનવાળી પીચકારી વધુ સમય ચાલે છે. જયારે પીચકારી તેમજ કલરની સાથે કલર પાણી ભરેલા ફુગ્ગા પણ માર્કેટમાં આવી ગયા છે જેમાં માત્ર પાણીના નળ નીચે મુકવાથી એક સાથે ૬૦ થી વધુ ફુગ્ગા ભરાઈ જાય છે. જયારે કલરફુલ હોળીના તહેવારને પગલે બાળકોમાં અનોખો ક્રેઝ જોવા મળી રહ્યો છે. જયારે હોળી ધુળેટીના પર્વમાં નાના બાળકથી લઈ સૌ કોઈને બુરા ન માનો હોલી હૈ કહીને...વિવિધ રંગોથી રમવાનું અને રંગાવાનું ગમે છે.

@ગાંધીનગર

● ઠાકોર અને કોળી વિકાસ નિગમ દ્વારા ચેક વિતરણ સમારોહ સવારે ૧૦ કલાકે ટાઉનહોલ, સેકટર-૧૭ ખાતે યોજાશે.

વાતવાતમાં

● શહેરમાં હોળી પર્વને અનુલક્ષીને સેકટરોની વિવિધ સોસાયટીઓ તેમજ સંસ્થાઓ દ્વારા હોળી ઉજવણીની તૈયારીઓ શરુ કરી દેવામાં આવી છે. આ વખતે ખેલૈયાઓ સુકી હોળી એટલે કે તિલક હોળી મનાવી પાણીનો બચાવ કરે તો આ વખતે ઉનાળામાં પાણીની કટોકટીનો જે ભય છે તેમાં ઘણી મોટી રાહત થશે.

● ડબલ ઋતુને કારણે શરદી-ખાંસીની બિમારીના દર્દીઓ વધતા જાય છે ત્યારે હોળી પર્વમાં મમ્મીઓને નાના બાળકો ભીના થઈ હોળી રમીને માંદા ન પડે તેની ચિંતા સતાવી રહી છે.

ગાંધીનગરના જાણીતા દોડવીર બિલ્ડર જગતભાઈ કારાણીએ ૨૫મી હાફ મેરેથોન પૂર્ણ કરી છે. તાજેતરમાં પ્રજાસત્તાક પર્વે ગાંધીનગર કલેકટરે તેઓને સન્માનપત્ર આપી બિરદાવ્યા હતા. ૬૧ વર્ષની ઉંમરે એકદમ ચુસ્ત દુરુસ્ત જગતભાઈ કારાણીએ તેઓની પ્રથમ હાફ મેરેથોન ૨ કલાક ૫૨ મિનિટમાં અને ૨૫મી હાફ મેરેથોન ૨ કલાક ૨૨ મિનિટમાં પૂર્ણ કરી હતી.

સે-૨૮ બગીચા પાસેથી વોન્ટેડ આરોપી ઝડપાયો

ગાંધીનગર, તા.૨૬

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર ક્રાઈમ બ્રાન્ચ એબસ્કવોન્ડર સ્કવોર્ડના પીએસઆઈ વી.એમ.ઝાલા, અ.હે.કો. કિરીટકુમાર જેઠાભાઈ, દિલીપસિંહ બળદેવજી, મહિપાલસિંહ પ્રવિણસિંહ તેમજ પો.કો. યુવરાજસિંહ અમરસિંહ ગાંધીનગર શહેરી વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન કિરીટ કુમાર જેઠાભાઈને ખાનગી રાહે બાતમી મળી હતી કે ડભોડા વિસ્તારમાંથી પીકઅપ ડાલામાંથી પકડાયેલ ગૌમાંસના ગુનામાં ભાગતો ફરતો આરોપી મહંમદ સુલતાન ઉર્ફે બાદશાહ અબ્દુલ રહેમાન કુરેશી રહે શાહપુર મીલ કંમ્પાઉન્ડ અલમદીના ફલેટ નં ૧૧ મોઈન રેસીડન્સીની બાજુમાં શાહપુર અમદાવાદવાળાને સેકટર-૨૮ બગીચા સામે આવેલ શોંપીગ સેન્ટર પાસેથી ઝડપી પાડ્યો હતો. ઉપરોક્ત ગુના અંગે પુછતા ગત તા.૧૧-૮-૧૫ ના રોજ તેણે પીકઅપ ડાલા નં જી.જે.૭.વાય.વાય-૦૩૫૬માં ૨૦૮૫ કિલો ગૌમાંસ કિ રૂ.૨૦,૮,૫૦૦ભરી અન્ય જગ્યાએ પોતાના સાગરીત પાસે હેરાફેરી કરાવતા ઉપરોકત વાહન પોલીસે પકડી તેમાનું ગૌમાંસ કબ્જે કર્યું હતું અને તેના સાગરીતને પકડી પાડ્યો હતો જેમાં પોતાનું નામ ખુલતા તે છેલ્લા ઘણા સમયથી નાસતો ફરતો હતો. જેને તા.૨૫-૨-૧૮ ના રોજ ક્રાઈમ બ્રાંચની એબસ્કવોન્ડર ટીમે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સેકટર-૨૩માં સ્વામિનારાયણ ગુરુકુળ ખાતે બ્લેક પોઝીશન સંસ્થા દ્વારા ગાંધીનગર ફોટોગ્રાફી સેમિનાર યોજવામાં આવ્યો હતો. જેમાં ચંદ્ર સ્ટુડિયોના બિલ્લુભાઈ, લેયર સ્ટુડિયોના નદીમભાઈ તથા વરટેકસ વૉલ્ટના રોનક ચૌહાણે શહેરના યુવા ફોટોગ્રાફર્સને માર્ગદર્શન પુરું પાડયું હતું. આ પ્રસંગે ગાંધીનગર ફોટોગ્રાફી કોન્ટેસ્ટના વિજેતાને એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. ગાંધીનગરના પીઢ ફોટોગ્રાફર એસ.એન. શર્મા તથા વરટેકસ વૉલ્ટના સુભાષભાઈ ગજ્જરનું આ તબક્કે સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં અતિથિ વિશેષ પદે સ્વામિનારાયણ ગુરુકુલના પ્રિન્સિપાલ ઉમંગ વાસાણી સહિત ભદ્રેશ જોશી, નીતિન પટેલ અને જિતેન્દ્રસિંહ સોલંકી જેવા અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અર્થરાજસિંહ સોલંકી, દેવાંશુ શાહ, મેકસ પંચાલ, મીત પ્રજાપતિ સહિતની ટીમ બ્લેક પોઝીશન દ્વારા કરવામાં આવ્યું હતું.

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજની કાર્યવાહક સમતિની બેઠક યોજાશે

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર શહેર પેન્શર્ન્સ સમાજની માર્ચ ૨૦૧૮ની કાર્યવાહક સમિતિની માસિક બેઠક આગામી તા.૧ માર્ચને ગુરુવારના રોજ સંસ્થાના પ્રમુખ ડાહ્યાભાઈ પ્રજાપતિના અધ્યક્ષ સ્થાને સાંજે ૪.૩૦ કલાકે સ્વસ્તિક કોમ્પ્લેક્ષ બીજે માળ, સેકટર-૨૨ ખાતે યોજાશે. આ બેઠકમાં અગત્યની ચર્ચા વિચારણા કરવામાં આવનાર છે. જેમાં સંસ્થાના તમામ પદાધિકારીઓ અને કાર્યવાહક સમિતિના સભ્યોને અચુક હાજર રહેવા સંસ્થાના પ્રવર મંત્રી રમણલાલ શ્રીમાળીએ જણાવ્યું છે.

'મ્યુઝીક મંત્ર એકેડમી'નો સંગીતમય શુભારંભ થયો

ગાંધીનગર, તા.૨૬

ન્યૂ ગાંધીનગર રિલાયન્સ ચાર રસ્તા પાસે અનેક વાજીંત્રો અને સંગીતના સમન્વય સાથે 'મ્યુઝીક મંત્ર એકેડમી'નો ગઈકાલે શુભારંભ થયો.

કિ બોર્ડ-ગિટાર અને ફલ્યૂટના સૂરીલા સ્વરો સાથે 'મ્યુઝીક મંત્ર એકેડમી'નું ઉદઘાટન થનગનાટ કલ્ચરલ ફાઉન્ડેશનના પ્રમુખ રોહીત નાયાણી દ્વારા કરવામાં આવ્યું. આ એકેડમીની સ્થાપના સંગીત ઉપાસકો હાર્દિક પુરોહિત અને અમિત પારેખ દ્વારા કરવામાં આવી છે.

આ પ્રસંગે સંગીત ગુરુ બિરેન પુરોહીત, શાસ્ત્રીય ગાયન નિષ્ણાંત પિનાકીન વ્યાસ, ગાંધીનગર સાહિત્યસભાના ઉપાધ્યક્ષ સંજય થોરાત, વેદ ઈન્ટરનેશનલ સ્કૂલના ટ્રસ્ટી ડી.બી. પટેલ, સહજાનંદ સ્કૂલ ઓફ એચિવરના મૌલિક શુકલ, એસ.વી.ના દિપક મિસ્ત્રી, રંગોલી સ્કૂલના પ્રહર અંજારીયા-અનામિકા અંજારીયા વગેરે હાજર રહ્યા હતાં.

સંગીતની શિસ્તબદ્ધ તાલીમ સાથે ઈન્સ્ટ્રુમેન્ટ પણ આપતી ગાંધીનગરની આ પ્રથમ સંસ્થા બનવાનું સૌભાગ્ય પ્રાપ્ત કરે છે. ન્યૂ ગાંધીનગરમાં હવે સંગીતપ્રેમીઓને 'મ્યુઝીક મંત્ર એકેડમી' સંગીતના સૂર તાલ શીખવાડશે.

વસંતોત્સવમાં ગાંધીનગર તાલુકાના ચિત્રકારોના ચિત્ર પ્રદર્શને આકર્ષણ જમાવ્યું...!!

સૌ પ્રથમવાર હાથેથી દોરેલા ચિત્રોનો સ્ટોલ યોજાયો : એક હજારથી વધુ ચિત્રોના પ્રદર્શન સાથે વેચાણ

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગરની ઓળખ સમો 'વસંતોત્સવ' પ્રારંભ થઈ ચુકયો છે. આ વર્ષે આ વસંતોત્સવમાં સૌ પ્રથમવાર ગાંધીનગર તાલુકાના કેટલાક યુવા ચિત્રકારોના પેઈન્ટિંગ્સનું પ્રદર્શન સ્ટોલ નં. ૬૪ ખાતે યોજવામાં આવ્યું છે. આ સ્ટોલ પર ચિત્રકારોએ જાતે દોરેલા થ્રીડી પેઈન્ટિંગ સહિતના ચિત્રો વેચાણ અર્થે મુકવામાં આવેલા છે. જેની કિંમત રૂ. ૧૨૫થી માંડીને રૂ. ૩૫ હજાર સુધીની છે. આ સ્ટોલ મુલાકાતીઓમાં ભારે આકર્ષણ જમાવી રહ્યો છે. આ સ્ટોલમાં આશરે એક હજારથી વધુ ચિત્રોનો સ્ટોક પ્રદર્શિત કરી વેચાણ અર્થે મુકવામાં આવ્યો છે.

ચિત્રોની કિંમત ૧૨૫થી ૩૫ હજાર સુધીની

સ્ટૉલ નં. ૬૪માં યોજવામાં આવેલ ચિત્ર પ્રદર્શનમાં મુકવામાં આવેલા ચિત્રોની કિંમત રૂ. ૧૨૫થી માંડીને રૂ.૩૫ હજાર સુધીની છે. સૌથી મોંઘું ચિત્ર રાજુભાઈ શ્રીમાળી દ્વારા તૈયાર કરાયેલ સિંહયુગલનું થ્રીડી ચિત્ર છે. ધોળાકુવાના યુવા કલાકાર મહેન્દ્ર ઠાકોરનું સૌથી મોંઘું ચિત્ર રૂ. ૮ હજારની કિંમતનું છે.

કયા કયા ચિત્રકારોના ચિત્રો મુકાયા?

- રાજુભાઈ શ્રીમાળી, સે-૨૫
- મહેન્દ્ર ઠાકોર-ધોળાકુવા
- બિનલ વાઘેલા-લેંકાવાડા
- કૃપાલસિંહ ઝાલા-જામળા
- જીગીશા ચાનપુરા-સરગાસણ

આજના ડિઝીટલ યુગમાં પણ ચિત્રકળા પ્રત્યે વિશ્વભરમાં ચાહના યથાવત રહેવા પામી છે. બલ્કે વધતી જાય છે. પ્રસિધ્ધ ચિત્રકારોની કૃતિઓ બજારમાં ખૂબ ઉંચા મૂલ્યે વેચાતી હોય છે. નિવાસસ્થાન હોય કે ઓફિસ, સરકારી કાર્યાલય હોય કે જાહેર સંકુલ તમામ સ્થળે ચિત્રકારોએ દોરેલા ચિત્રો વડે સુશોભન કરવાની પ્રણાલી જોવા મળે છે. આ સંજોગોમાં ગાંધીનગર ખાતે યોજાયેલા વસંતોત્સવના ઈતિહાસમાં સૌ પ્રથમવાર તાલુકાના યુવા ચિત્રકારોએ પોતાના ચિત્રોનો પ્રદર્શન કમ સ્ટૉલ યોજયો છે. આ સ્ટૉલમાં થ્રીડી પેઈન્ટિંગ, કેન્વાસ પેન્ટિંગ, પેચવર્ક, લેન્ડસ્કેપ, વોટર કલર વર્ક, સ્કેચિંગ, થ્રી-પીસીસ અને મોર્ડન આર્ટ જેવી વિવિધ પધ્ધતિના ચિત્રો રજુ કરવામાં આવ્યા છે. સામાન્ય રીતે ચિત્રકારોના ચિત્રોનું આર્ટ ગેલેરીમાં પ્રદર્શન યોજાતું હોય છે. તેના સ્થાને વસંતોત્સવની ગ્રામહાટમાં યોજાયેલ સ્ટૉલ મુલાકાતીઓમાં ભારે આકર્ષણ જમાવી રહ્યો છે.

લોહાણા યુવા સંગઠન, ગાંધીનગર દ્વારા "રંગોત્સવ"નું આયોજન

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગરની જાણીતી સંસ્થા લોહાણા યુવા સંગઠન, ગાંધીનગર દ્વારા આગામી ધૂળેટીના પર્વ નિમિત્તે પ્રતિ વર્ષની જેમ આ વર્ષે પણ "રંગોત્સવ" કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે.

આગામી તા. ૦૨-૦૩-૨૦૧૮, શુક્રવારે સવારે ૯.૦૦થી ૧૦.૩૦ કલાક સુધી સમાજના સૌ બંધુઓ માટે શ્રી જલારામ મંદિર, સેકટર-૨૯, ગાંધીનગર ખાતે "રંગોત્સવ"ના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે.

ઉપરોક્ત કાર્યક્રમમાં સમાજના ભાઈ-બહેનોને મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવા લોહાણા યુવા સંગઠન, ગાંધીનગર તરફથી સસ્નેહ આમંત્રણ પાઠવવામાં આવેલ છે.

ઈન્ટર કોલેજ કવિઝ સ્પર્ધામાં વિજ્ઞાન કોલેજ પ્રથમ

ગાંધીનગર, તા.૨૬

સમર્પણ સાયન્સ એન્ડ કોમર્સ કોલેજ ગાંધીનગર ખાતે યોજાયેલ 'ઈન્ટર કોલેજ કવિઝ સ્પર્ધા'માં સરકારી વિજ્ઞાન કોલેજે પ્રથમ સ્થાન મેળવ્યું હતું.

સરકારી વિજ્ઞાન કોલેજ, ગાંધીનગરના ચાર વિદ્યાર્થીઓ ઋષિકેશ પટેલ, જીજ્ઞેશ વાણિયા, મીત દરજી અને વૈશાલી પ્રજાપતિની ટીમે રાષ્ટ્રીય વિજ્ઞાનદિનની ઉજવણી અંતર્ગત યોજાયેલી આ કવિઝ સ્પર્ધામાં ઉત્કૃષ્ટ દેખાવ કર્યો હતો. કોલેજના આચાર્ય ડૉ. કે.જી. છાયાએ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા છે.

સેકટર-૨૮ બાલોદ્યાનની ટ્રેન દાંતથી ખેંચી

ગાંધીનગર, તા.૨૬

મહાનગરપાલિકાના નિયંત્રણ તળેના સેકટર-૨૮ના બાલોદ્યાનના આમ્રકુંજ સ્ટેશન ખાતે દાંતથી ટ્રેઈન ખેંચવાનો અને ડાકૂમાંથી રાજયોગી બનેલ પંચમસિંહ સાથે મુલાકાતનો કાર્યક્રમ યોજાઈ ગયો. જેમાં મહાનગરપાલિકાના મેયરશ્રી પ્રવિણભાઈ પટેલ, નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રી જે.બી.બારૈયા, સીટી ઈજનેરશ્રી ભરતભાઈ પંડયા, કોર્પોરેટર ભગિની હર્ષાબા ધાંધલ, ભ્રાતા.એસ.એમ. ચૌધરી, ભ્રાતા મનહરભાઈ પટેલ, ડો.મહેન્દ્રભાઈ, સેકટર-૨૮ સેવા કેન્દ્ર સંચાલિકા રાજયોગિની કૈલાશ દીદી, રાજયોગી પંચમસિંહ, રાજયોગી આશિષભાઈ (ભોપાલ) ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

અતિ નાના સ્નેહમિલન કે જેમાં વિદ્યાલયનો પરિચય, મહેમાનોનું પુષ્પોથી સ્વાગત અભિવાદન, મેયરશ્રીનો શુભભાવના અને શુભકામના યુક્ત ટુંકો અને પ્રભાવ તથા શકિતશાળી પ્રતિભાવ, કૈલાશદીદીના આશીર્વચન અને ડાકૂમાંથી રાજયોગી બનેલ પંચમસિંહની પરિવર્તનની ગાથા તેમની જ જુબાનમાં સાંભળેલ.

અંતે રાજયોગના આ અનેરો પ્રયોગના ભાગરૂપ દાંતોથી બસ, ટ્રક, ડમ્પર, રેલ્વે એન્જીન ખેંચી શકનાર રાજયોગી આશિષભાઈએ સૌને જણાવેલ કે બ્રહ્માકુમારીઝ દ્વારા આપવામાં આવતાં સહજ રાજયોગના અભ્યાસથી વ્યસનો, બુરાઈઓ, કુટેવો અને વિકારો તો અવશ્ય દૂર થાય છે પણ તેની સાથે સાથે સ્વાસ્થ્યમાં પણ અનેક ઘણો સુધાર થાય છે. તેનું હું જીવંત ઉદાહરણ છું. તેમણે ઉમેરેલ કે સહજ રાજયોગથી જીવન પરિવર્તન શક્ય જ નહીં બલ્કી અતિ સહજ પણ છે. ત્યારબાદ મહેમાનોને ઈશ્વરીય ભેટ સૌગાત આપવામાં આવેલ. અને અંતે મેયરશ્રી પ્રવિણ પટેલે ટ્રેઈન ખેંચવા માટે લીલી ઝંડી આપેલ અને જયારે આશિષભાઈએ દાંતથી ટ્રેઈન ખેંચેલ ત્યારે યોગની સિધ્ધી રૂપ પ્રાપ્ત થયેલ આ સાહસિક પ્રયોગ નિહાળી ઉપસ્થિત સેંકડો બાળકો, યુવાનો અને વડિલોએ ખુશ થઈ અને યોગ શિખવાની તેમની ઉત્કંઠા પ્રગટ કરી હતી.

ચિરવિદાય

● સ્વ. અરવિંદકુમાર કન્નૈયાલાલ જયસ્વાલ, ઉ.વ. ૫૯